shan Sagar app - Click here

# ધોરણ - ૧૦

# વિષય – સંસ્કૃત

# સ્વાધ્યાય

## પાઠ – 5

## गुणवती कन्या



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





shan Sagar app - Click here

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

# ગુણવતી કન્યા

1) દશકુમારચરિતમ્ નામના ગ્રંથની રચના કોણે કરી છે?
→ પ્રખ્યાત ગદ્યકાર કવિ દંડી

2) પ્રસ્તુત કથા કયા ઉચ્છ્વાસમાંથી લેવામાં આવેલ છે?
→ છઠ્ઠા ઉચ્છ્વાસમાંથી મંત્રગુપ્તની કથા અનુસાર

3) કોને ગૃહસ્થભુવનરૂપી રથનાં બે પૈડાં કહ્યા છે?
→ સ્ત્રી અને પુરુષ

4) શક્તિ કુમારને ગુણવતી કન્યાનો ભેટો ક્યાં થાય છે?
→ કાવેરી નદીના કાંઠે વસેલા કાંચીનગરમાં

## શબ્દાર્થ

શ્રેષ્ઠિપુત્રઃ- શાહુકારનો પુત્ર
પ્રતિપન્નમતિ - રહેતો હતો
દ્વાવિંશતિ - બાવીશ
દારઃ- પત્ની (જાયા, ભાર્યા)
વિન્દેય - મેળવવું
પ્રભૂતમ્ - ખૂબ જ
પિન - બાંધેલ
દ્વાલિ :- ડાંગરની
અભ્રતમ - ભરતી / ભટકતો
સમાગત :- આવી પહોંચ્યો
અત્ર - અહીં

Scanned with OKEN Scanner

shan Sagar app - Click here

Page
Date

कूप :- कूवो
विरल- ओछां
आभूषण - घरेणा (वस्त्रो)
अभिभूत :- आकर्षाईने / अंजाईने
आकृष्टम - आकर्षाय छे
मे - मारु
कौशलम - कुशळता / निपुणता
ओमइति - हा ओम
उक्तवा - कहीने
याचना - मागणी
प्रवृता - तैयार थई
आदाय - लईने
आतपे - तडकामां
अघट्टयत - पाथरीने / फेलावीने
पृथक :- जुदा / अलग
सञ्जाता :- कर्या
तुष :- छोतरां / फोतरां
मार्जन :- मांजवु
स्वर्णकार :- सोनी
विकीर्त - वेचीने
धात्री - दासी
काष्ठ :- लाकडुं
आनीय - लाववुं
प्रक्षालन - पखाळवुं
काले - समय
सिद्धा :- तैयार

Scanned with OKEN Scanner

shan Sagar app - Click here

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

કૃષ્ણાઅંગારા - કોલસા
ભદ્રશ્મ - પ્રાપ્ત
ઘૃતમ - ઘી
ઓદનમ - ભાત

## અનુવાદ

દ્રાવીનગરમાં શક્તિકુમાર નામનો એક શાહુકારનો પુત્ર રહેતો હતો. તે જ્યારે પોતાના યુવનના બાવીસમા વર્ષમાં પ્રવેશ્યો ત્યારે ચિંતામાં પડ્યો. -"પત્ની વગરના અને અનુરૂપ ગુણ વગરની પત્નીવાળાઓને સુખ હોતું નથી. તો હું કઈ રીતે ગુણિયલ પત્નીને પ્રાપ્ત કરું ?"

પછી ખૂબ વિચારીને તે કપડાને છેડે બાંધેલી ડાંગર લઈને પત્નીને મેળવવા માટે જુદા જુદા દેશોમાં ભટક્યો. એક વાર તે કાવેરી નદીને કાંઠે આવેલા એક નગરમાં આવી પહોંચ્યો. અહીં તેણે કુવા પર આછાં આભૂષણ ધારણ કરેલી એક કુમારીને જોઈ. તેની રૂપસંપત્તિથી અંજાઈ ગયેલા તેણે વિચાર્યું. "મારું હૃદય આમાં આકર્ષાયું છે, તો આની પરીક્ષા કરીને, વિવાહનો પ્રસ્તાવ મૂકીને, જો તેની સંમતિ હોય તો હું તેને પરણીશ." તે તેની પાસે જઈને વિનયપૂર્વક બોલ્યો, "શું તારામાં આ એક પ્રસ્થ ડાંગર વડે બનાવેલું ભોજન મને જમાડવાની કુશળતા છે?"

પછી તે 'હા' એમ બોલીને પ્રસ્થ જેટલી ડાંગર લઈને શાહુકારના પુત્રની માગણી મુજબ કરવા પ્રવૃત્ત થઈ.

પછી તે બુદ્ધિશાળી કન્યાએ તે ડાંગરને પહેલાં તડકામાં તપાવી ત્યારબાદ તેણે તે ડાંગરને સમતળ ચોખ્ખી જમીન પર ખાંડી, આથી

shan Sagar app - Click here

Page
Date

ઠીકરામાંથી ચોખા જુદા પડ્યા.

ચોખા મેળવીને તેણે તે ડાંગરનાં ઠીકરાંને ઘરેણાંઓને સાફ કરવા માટે સોનીને વેચવાનું દાસીને કહ્યું. "તેમાંથી જે ધન મળે તેના લાકડાં લઈ આવજે." એમ પણ દાસીને જણાવ્યું.

દાસી લાકડાં લઈ આવી. ત્યારપછી તેણે ચોખાને વારંવાર પાણીથી ધોયા અને ગરમ કરેલા પાણીમાં તે ચોખા નાખ્યા. થોડા જ વખતમાં ચોખા રંધાઈ ગયા. પછી લાકડાંને પાણીથી ઠારી કોલસાને પણ તેની જરૂરિયાતવાળાઓને મોકલીને જે ધન મળ્યું તે ધનથી તેણે શાક, ઘી, દહીં અને તેલ ખરીદ્યાં. અને તેના વડે તેણે વિવિધ વાનગીઓ તૈયાર કરી.

જ્યારે ભોજન તૈયાર થઈ ગયું ત્યારે તે કન્યાએ દાસી દ્વારા મહેમાનને પહેલાં સ્નાન કરવા જણાવ્યું. પછી સ્નાનથી શુદ્ધ થયેલા એ અતિથિને તેણે પીણા અને નાસ્તા સાથેની, ઘી સહિત ભાત અને બીજી વાનગીઓ આપી.

વચ્ચે વચ્ચે ખાદ્ય વાનગીઓ અને વિવિધ પદાર્થોનું વર્ણન કરીને તેણે અતિથિની ભોજન પ્રત્યેની રુચિ વધારી. તે મહેમાન ભોજન કરી રહ્યા ત્યારે તેણે પાનની પણ વ્યવસ્થા કરી. આમ, પોતાની ગુણસંપત્તિ વડે માત્ર એક પ્રસ્થ જેટલી ડાંગરથી વિવિધ વાનગીઓ તૈયાર કરનારી તે કન્યા તરફ આકર્ષાયેલા શક્તિકુમારે તેની આગળ વિવાહનો પ્રસ્તાવ મૂક્યો. જ્યારે કન્યાએ પ્રસ્તાવ સ્વીકાર્યો ત્યારે તેની સાથે વિધિપૂર્વક વિવાહ કરીને તેને પોતાના નગરમાં લઈ ગયો.

Scanned with OKEN Scanner

shan Sagar app - Click here

## स्वाध्याय

प्र.1. अधोदत्तेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।

1) कस्मिन् वर्षे प्रविष्टः शक्तिकुमारः चिन्तामापन्नः ?
-> द्वाविंशतितमे

2) श्रेष्ठिपुत्रः किमर्थं देशम् अभ्रमत् ?
-> दारग्रहणाय

3) बुद्धिमती कन्या शालीन् तप्तवती ?
-> आतपे

4) तुषान् विक्रीय धात्री किम् आनीतवती ?
-> काष्ठानि

5) कन्या धात्रीमुखेन अतिथिं प्रथमं किं निवेदितवती ?
-> स्नानाय

6) इन्धनानि जलेन शमयित्वा कन्या किं प्राप्तवती ?
-> कृष्णाङ्गारान्

7) भोजनान्ते कन्यया कस्य व्यवस्था कृता ?
-> ताम्बूलस्य

Scanned with OKEN Scanner

shan Sagar app - Click here

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

8) कन्या विविधानि व्यञ्जनानि केन विरचितवती ?
-> प्रस्थपरिमितेन धान्येन

प्र. 2. एकवाक्येन संस्कृतभाषायाम उत्तरत ।

1) श्रेष्ठिपुत्रस्य नाम किम् आसीत ?
-> श्रेष्ठिपुत्रस्य नाम शक्तिकुमार : आसीत ।

2) देशान भ्रमन एकदा शक्तिकुमार : कुत्र समागत : ?
-> देशान भ्रमन शक्तिकुमार : एकदा कावेरीतीरपत्तनं समागत : ।

3) शक्तिकुमार : विरलभूषणां कुमारीं कुत्र अपश्यत ?
-> शक्तिकुमार : विरलभूषणां कुमारीं कूपे अपश्यत ।

4) कन्या तण्डुलान केन प्रक्षालितवती ?
-> कन्या तण्डुलान जलेन प्रक्षालितवती ।

5) भोज्यादीनां पदार्थानां वर्णनं कृत्वा कन्या किं कृतवती ?
-> भोज्यादीनां पदार्थानां वर्णनं कृत्वा कन्या अतिथे : भोजनरुचिम वर्धितवती (अवर्धयत ) ।

प्र. 3. कृदन्तप्रकारं लिखत ।

1) प्रविष्ट :- त - प्रत्ययान्तं कर्मणि भूतकृदन्तम

Scanned with OKEN Scanner

shan Sagar app - Click here



2) आकृष्टम - कर्माणि भूतकृदन्तम

3) भोजयितुम - प्रेरक हेत्वर्थक तुमन्तम अव्ययम

4) उक्त्वा - सम्बन्धक भूतकृदन्तम (त्वान्तम अव्ययम)

5) आदाय - सम्बन्धकं भूतकृदन्तम ल्यबन्तं अव्ययम

6) निवेदितवती - तवत - प्रत्ययान्तं कर्तरि भूतकृदन्तम

प्र. 4. सन्धिविच्छेदं कुरुत ।

1) प्रविष्टस्तदा - प्रविष्टः + तदा
2) सोऽचिन्तयत - सः + अचिन्तयत
3) तुषेभ्यस्तण्डुला:- तुषेभ्यः + तण्डुलाः
4) व्यञ्जनञ्च - व्यञ्जनम + च

प्र. 5. समासप्रकारं लिखत ।

1) दावविहीनानाम - तृतीया तत्पुरुष समासः
2) घृतसहितम - तृतीया तत्पुरुष समासः
3) पिनद्धमालिः - बहुव्रीहि समासः
4) विरलभूषणाम - बहुव्रीहि समासः
5) शालिप्रस्थेन - षष्ठी तत्पुरुष समासः

Scanned with OKEN Scanner

Shikshan Sagar app - Click here



6) कृष्णाङ्गारान - कर्मधारय समास:
7) गुणसम्पदा - षष्ठी तत्पुरुष समास:
8) स्वनगरम - षष्ठी तत्पुरुष अथवा कर्मधारय समास:

प्र.6. उदाहरणानुसारं शब्दरूपं परिचयं कारयत।

| | शब्द : | लिङ्गम | विभक्ति : | वचनम |
|---|---|---|---|---|
| उदा., वचनात | वचन | नपुंसकलिङ्गम | पञ्चमी | एकवचनम |
| 1) काञ्चीनगरे | काञ्चीनगर | नपुंसकलिङ्गम | सप्तमी | एकवचनम |
| 2) जीवनस्य | जीवन | नपुंसकलिङ्गम | षष्ठी | एकवचनम |
| 3) भार्याम | भार्या | स्त्रीलिङ्गम | द्वितीया | एकवचनम |
| 4) दारग्रहणाय | दारग्रहण | नपुंसकलिङ्गम | चतुर्थी | एकवचनम |
| 5) सम्मतौ | सम्मति | स्त्रीलिङ्गम | सप्तमी | एकवचनम |
| 6) अनेन | इदम (सर्वनाम) | पुंलिङ्गम नपुंसकलिङ्गम वा | तृतीया | एकवचनम |

Scanned with OKEN Scanner

shan Sagar app - Click here

प्र.७. कोष्ठगतानि पदानि प्रयुज्य वाक्यानि रचयत।

1) શેઠનો દીકરો શક્તિકુમાર નિવાસ કરતો હતો.
→ श्रेष्ठिपुत्रः शक्तिकुमारः निवसति स्म (न्यवसत वा)।

2) કૂવા ઉપર એક વિરલભૂષણા કન્યાને જોઈ.
→ कूपे एकां विरलभूषणां कुमारीं दृष्ट्वा (अपश्यत वा)।

3) શેઠના પુત્રને પોતાના ઘરે લઈ આવી.
→ श्रेष्ठिपुत्रं स्वगृहम् आनीतवती।

4) તેનાથી ધન મળે છે.
→ तेन धनं मिलति।

5) ધનથી શાક, ઘી અને તેલ લાવું છું.
→ धनेन शाकं घृतं तैलं च आनयामि।

प्र.८. गुर्जरभाषायां उत्तराणि लिखत।

1) શક્તિકુમાર બાવીસ વર્ષનો થતાં શું વિચારે છે?
→ શક્તિકુમાર બાવીસ વર્ષનો થતાં આમ વિચારે છે: "પત્નીવિનાના અને અનુરૂપ ગુણરહિત પત્નીવાળાને સુખ હોતું નથી, તો કઈ રીતે હું ગુણવતી પત્ની પ્રાપ્ત કરું?"

2) ગુણવતી કન્યાની પરીક્ષા માટે શક્તિકુમારની યોજના શી હતી?

Scanned with OKEN Scanner

Shikshan Sagar app - Click here

Page
Date

-> गुणवती कन्यानी परीक्षा माटे शक्तिकुमारनी आ योजना हती: अनुरुप कन्याने भेईने तेने अेक प्रस्थ डांगरनी सम्पन्न आहार कराची शके के नहि, ते पूछवुं हतुं.

3) कन्या शुं वेचे छे अने तेमांथी शुं मेळवे छे?
-> डांगरमांथी छूटां पाडेलां फोतरां कन्याओ दासी द्वारा सोनीने वेच्यां अने मळेला धनथी लाकडां मेळव्यां.
भात रंधाई गया बाद लाकडां पाणीथी ठारीने ते कोलसा शरूवात वाळाओने वेच्यां जे धन मळ्युं तेनाथी तेणे शाक, घी, दहीं अने तेल खरीद्यां.

4) कन्याओ शक्तिकुमारनी भोजनरुचि केवी रीते वधारी?
-> शक्तिकुमार जमतो हतो त्यारे कन्याओ वच्चे वच्चे विविध खाद्य वानगी ओ वगेरे पदार्थोनुं सुरुचिपूर्ण वर्णन करीने शक्तिकुमारनी भोजनरुचि वधारी.

5) शक्तिकुमारे शेनाथी आकृष्ट थईने कन्यानी सामे विवाहनो प्रस्ताव कर्यो?
-> पोतानी गुणसंपत्ति वडे अेक प्रस्थ डांगरमांथी विविध वानगीओनुं स्वादिष्ट भोजन बनावी अतिथिने संतुष्ट करवानी कन्यानी कुशळता भेईने आकर्षायेला शक्तिकुमारे तेनी सामे विवाहनो प्रस्ताव कर्यो.

प्र.१. मातृभाषायां संक्षिप्तं टिप्पणं लिखत ।

1) शक्तिकुमारनी कन्या - परीक्षायोजना :
शक्तिकुमारे गुणवती कन्या साथे परणवुं हतुं. आथी तेणे

Scanned with OKEN Scanner

shan Sagar app - Click here

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

એવી કન્યાને શોધી કાઢવા અને તેની પરીક્ષા લેવાની યોજના બનાવી. આ માટે પ્રસ્થમાત્ર ડાંગર લઈ દેશ દેશાવરમાં ભ્રમણ કરતો રહ્યો. એકવાર તેણે કાવેરી નદીના કાંઠે કૂવા ઉપર એક સુંદર કન્યા જોઈ. શક્તિકુમારે તેની પરીક્ષા લેવાનું વિચાર્યુ. જે તે કન્યા માત્ર એક પ્રસ્થ ડાંગરમાંથી વિવિધ વાનગીઓ તૈયાર કરીને, શક્તિકુમારને તે ભોજનથી પ્રસન્ન અને સંતુષ્ટ કરી શકે, તો તે તેની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. આમ, તેણે કન્યા સાથે વિવાહ કરવાનું વિચાર્યુ.

2) ગુણવતી કન્યાનું આયોજન :

શક્તિકુમારે ગુણવતી કન્યાને માત્ર એક પ્રસ્થ ડાંગર આપી ને તેમાંથી વિવિધ વાનગીઓ બનાવીને ભોજન તૈયાર કરવા કહ્યું. એ કન્યાએ પહેલા ડાંગરને તડકામાં તપાવી, ખાંડી તેમાંથી ફોતરાં દૂર કરીને ચોખા મેળવ્યા. પછી ડાંગરના ફોતરાં આપીને વેચીને તેમાંથી જે ધન મળ્યું તેના લાકડા ખરીદ્યા. ચોખા રંધાઈ ગયા, પછી લાકડાંને પાણીથી ઠારીને તેના કોલસા જરૂરિયાતવાળા લોકોને વેચી, મળેલા ધનથી તેણે શાક, ઘી, દહીં અને તેલ ખરીદ્યાં. આમ તેણે વિવિધ વાનગીઓ તૈયાર કરી.

પ્ર.10. मातृभाषायाम् अनुवादं कुरुत ।

1) तत्कथं गुणवतीं भार्याम् अहं विन्देयमिति ।
→ તો કઈ રીતે હું ગુણિયલ પત્ની મેળવુ

2) एकदा स कावेरीतीरपत्तनं समागतः ।
→ એકદિવસ તે કાવેરી નદીના કાંઠે આવેલ નગરમાં આવી પહોંચ્યો.

Scanned with OKEN Scanner

shan Sagar app - Click here

Page
Date

3) स्वर्णकाराय विक्रेतुं धात्रीमुक्तवती।
-> સોનીને વેચવા માટે તેણે દાસીને કહ્યું.

4) उष्णीकृते जले च तान् प्रक्षिप्तवती।
-> અને ગરમ કરેલા પાણીમાં તે ચોખા તેણે નાખ્યા.

5) अतिथये प्रथमं स्नातुं निवेदितवती।
-> અતિથિને પહેલાં સ્નાન કરવા જણાવ્યું

Scanned with OKEN Scanner

shan Sagar app - Click here

# IKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી ૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION